# ક્રૉસરેલ શું છે?

ક્રૉસરેલ લંડન અને સાઉથ-ઈસ્ટ માટે એક નવી અને દૂરંદેશી રેલવે છે. એ હાલની સેવાઓમાં વાહનોની ભીડને ઓછું કરી, વધુ ઝડપી પ્રવાસની વ્યવસ્થા કરી અને હાલના પરિવહન તંત્રમાં મહત્વનાં ઈન્ટરચેન્જ પૂરા પાડીને સાર્વજનિક પરિવહનનો રુપરંગ બદલી નાખશે. આશરે 1.5 મીલીયન લોકોને 60 મીનીટની અંદર સેન્ટ્રલ લંડનથી લાવીને એ સિટી, કેનેરી વૉર્ફ, વેસ્ટ એન્ડ અને હીથ્રો ઍરપોર્ટને શહેરની પૂર્વ અને પશ્ચિમ તરફ નિયમિત રીતે આવ-જા કરનાર લોકો સાથે જોડશે. ક્રૉસરેલ યૂરોપનો સૌથી મોટો એન્જીનીયરીંગ પ્રોજેક્ટ છે.

એ ટી. એફ. એલ. નાં રોકાણ કાર્યક્રમનો મુખ્ય હિસ્સો છે અને લંડન અને સાઉથ-ઈસ્ટના પરિવહન તંત્રને થયેલ છેલ્લાં 50 વર્ષોનો સૌથી મોટો ઉમેરો છે. નવી નોકરીઓની તક ઉત્પન્ન કરી, નેબરહૂડ રીન્યૂઅલ (પાડોશનું નવીકરણ) અને કનેક્ટીંગ કમ્યૂનીટીઝ (સમુદાયોનું જોડાણ) વડે એ હજારો લોકોની જિંદગી સારી કરવામાં મદદરૂપ થશે.

રેલવે બ્રિટીશ અર્થતંત્ર તરફ ઓછામાં ઓછું 20 બીલીયન પાઉન્ડનો ફાળો કરશે. તેમ છતાં, અમે અપેક્ષા રાખીએ છીએ કે અનુમાન મુજબ 36 બીલીયન પાઉન્ડ જેટલો ફાળો આપી આ આંકડો ખાસ્સો વધી જશે, જે લંડનનો એક આંતરરાષ્ટ્રિય શહેર અને આગેવાન નાણાંકીય કેન્દ્ર તરીકે સતત વિકાસ જાળવશે.

# નવા જોડાણો

લંડન અને એની આજુ બાજુના ક્ષેત્રની વચ્ચે સમતલ મુસાફરીને શક્ય કરવા માટે નવી રેલવે હાલનાં રેલ, બસ અને ઍરલાઈન પરિવહન સાથે બંધ બેસશે. ટીકીટની વ્યવસ્થા ટી. એફ. એલ.ના બસ અને અંડરગ્રાઉન્ડ નેટવર્ક સાથે પૂરેપૂરી રીતે એકીકૃત કરવામાં આવશે.

ડૉકલેન્ડ લાઈટ રેલવે અને લંડન અંડરગ્રાઉન્ડ સાથે સીધાં જોડાણો ઉપરાંત, ક્રૉસરેલ થેમ્સલિંકને ફૅરિન્ગડન આગળ; યૂરોસ્ટાર અને હાઈ સ્પીડ 1 ડોમેસ્ટીક સર્વિસને સ્ટ્રૅટફર્ડ આગળ; લંડન ઓવરગ્રાઉન્ડ સર્વિસને વાઈટચેપલ અને સ્ટ્રૅટફર્ડ આગળ; અને નેશનલ રેલ સર્વિસને ઈલીન્ગ બ્રૉડવે ઉપરાંત દસ સ્ટેશનો સાથે જોડશે.

ક્રૉસરેલ હીથ્રોને પણ સીધી સેવા પૂરી પાડશે અને સ્ટેનસ્ટેડ ઍરપોર્ટને લિવરપૂલ સ્ટ્રીટ મારફત તથા ગેટવિક અને લૂટન ઍરપોર્ટને થેમ્સલિંક મારફત સાંકળશે.

# નવી સ્ટેશનો

આખા લંડનનીમાં મુસાફરીને સરળ અને વધુ સુલભ કરવાના હેતુથી બનાવેલ, ક્રૉસરેલ ના માર્ગમાં 37 સ્ટેશનો હશે જેમાં આઠ નવી અંડરગ્રાઉન્ડ સ્ટેશનોનો સમાવેશ છે.

વધુ મોટા ટીકીટ હૉલની વ્યવસ્થા કરીને હાલની મોટા ભાગની બીજી સ્ટેશનોને પણ સુધારવામાં આવશે જેથી હાલની લાઈનો અને ક્રૉસરેલના ઉપભોગતાઓને ફાયદો થશે.

ક્રૉસરેલની સ્ટેશનો મોકળાશ, અજવાળા અને સી. સી. ટી. વી. નિયંત્રણ વડે સલામત અને સુરક્ષિત વાતાવરણની વ્યવસ્થા કરશે.

# ઓછો મુસાફરી સમયગાળો

ક્રૉસરેલ હાલના મુસાફરી સમયગાળાને અડધા જેટલો કરી જોરદાર રીતે ઓછું કરી નાખશે.

સેન્ટ્રલ ક્ષેત્રમાં ભારે અવર જવરના સમયમાં દર કલાકે 24 ટ્રેનો ચાલશે જેથી સેવાઓ વધુ ઝડપી અને સંખ્યાબંધ થશે.

નવા માર્ગનાં સમયગાળાનાં દાખલા:

| | |
|---|---|
| સ્લાઉ – ટૉટેનહેમ કોર્ટ રોડ | 36 મીનીટ |
| રૉમફર્ડ – બૉન્ડ સ્ટ્રીટ | 35 મીનીટ |
| વાઈટચેપલ – એબી વુડ | 16 મીનીટ |
| ઈલીન્ગ બ્રૉડવે – ફૅરિન્ગડન | 20 મીનીટ |
| હીથ્રો ઍરપોર્ટ – પેડિન્ગટન | 26 મીનીટ |
| હીથ્રો – લિવરપૂલ સ્ટ્રીટ | 36 મીનીટ |
| હીથ્રો – કેનેરી વૉર્ફ | 43 મીનીટ |
| મેડનહેડ – લિવરપૂલ સ્ટ્રીટ | 51 મીનીટ |











# ટ્રેનો

ક્રૉસરેલની ટ્રેનો 200મી લાંબી, ઍર-કંડીશન અને દરેકને ત્રણ જોડી દરવાજા હોય એવા 10 ડબ્બા વાળી હશે.

દરેક ટ્રેન ભારે અવર જવરના સમયમાં 1,500 બેઠેલા અને ઊભેલા મુસાફરોને ઉપાડશે, એટલે દર કલાકે 78,000 મુસાફરો!

# ટનલ

21 કિ.મી. ચાલતી એક ટવીન-બોર ટનલ સેન્ટ્રલ લંડન નીચે બંધાવવામાં આવશે.

સંપર્ક કરો: **Crossrail • FREEPOST NAT6945 • London • SW1H 0BR**

**Crossing the Capital**
**Connecting the UK**

હેલ્પડેસ્ક **0345 602 3813**
રોજે 24 કલાક, અઠવાડીએ 7 દિવસ

**helpdesk@crossrail.co.uk**
**www.crossrail.co.uk**

# પ્રોજેક્ટની સમયસીમા

ઑક્ટોબર 2007 માં પ્રધાન મંત્રી, શ્રી. ગોર્ડન બ્રાઉને જાહેર કર્યું કે નવી રેલવે માટે નાણાં ઉપલબ્ધ છે અને પ્રોજેક્ટનાં પહેલાં તબક્કાનાં આરંભ માટે યોજનાઓને આખરી રૂપ અપાવી રહ્યું છે.

સંસદમાં ઝીણવટભરી તપાસ પછી જુલાઇ 2008માં ક્રૉસરેલ ઍક્ટ કાનૂન બન્યો. આને પરિણામે રેલવેના નિર્માણને આગળ વધારવાની પરવાનગી મળી.

- 2009: રૂપરેખા, સાધનો મેળવવાં અને કામ શક્ય બનાવવું
- 2010: મુખ્ય નિર્માણ કામ ચાલુ
- 2017: ક્રૉસરેલ સેવા ચાલુ

# સ્થાનીય તકો

આવશ્યક પરિવહન ક્ષમતાની ગોઠવણ કરવાની સાથે સાથે, ક્રૉસરેલને રીજનરેશન (પુનઃસંચાર) અને અર્થતંત્રને ટેકો આપવામાં એક ખૂબ જ અગત્યની ભૂમિકા બજાવવી છે.

લંડનવાસીઓ માટે રોજગારની તકો ઊભી કરવી એ ક્રૉસરેલના નિર્માણ અભિગમનો મહત્વનો હિસ્સો છે. એક વાર 2010માં કામ ચાલુ થયું તો નિર્માણની પરાકાષ્ઠાએ 14,000 લોકોની જરૂરીઆત ઊભી થશે. ક્રૉસરેલ એક શિક્ષા સંસ્થાનું સ્થાપન કરવા ઈચ્છે છે જે સ્થાનીય લોકોને ખરી આવડતો મેળવવાની તક મળતી રહે એ વાતની ખાતરી કરશે, જેથી તેઓ આ પ્રોજેક્ટ ઉપર કામ કરી શકે. યોજના પ્રમાણે આ સંસ્થા 2010માં ખુલશે.

# વાતાવરણ

વાતાવરણ નીતિમાં લખ્યા મુજબ ક્રૉસરેલ વાતાવરણના રક્ષણ માટે વચનબધ્ધ છે. અમે ક્રૉસરેલની બનાવટ, નિર્માણ અને કાર્યશૈલીથી વાતાવરણને થતી આડઅસર ઉપર એક પરીક્ષણ કર્યું છે. યોગ્યતા પ્રમાણે વાતાવરણ ઉપર થતી આડઅસર ઘટાડવા માટે પગલાં લેવામાં આવશે.

રેલવેના નિર્માણ અને કાર્યશૈલીથી મહત્તમ સમય સુધી ટકાવી શકાય અને ઓછા માં ઓછું કાર્બન ફુટપ્રિન્ટ (નુકશાનકારક પદાર્થો) ઉદભવે એ સિધ્ધ કરવા માટે અમે ખૂબ જ આતુર છીએ. અમારૂં વાતાવરણ બયાન અને વાતાવરણ નીતિ www.crossrail.co.uk ઉપર ઉપલબ્ધ છે.


Photograph courtesy of MoLAS

# વધુ ઉપલબ્ધતા

ક્રૉસરેલની બનાવટ હરી ફરી ન શકનાર લોકો માટે પરિવહન તકો સુધારવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમકે નવી પગથીયા વગરની સ્ટેશનો અને મોકળા દરવાજાઓ, વ્હીલચેર માટે ખાસ જગ્યા, સ્પર્શથી પારખી શકાય એવી સપાટી અને લાઉડસ્પીકર ઉપર જાહેર સૂચનાઓ જેવી વિશેષતાઓની જોગવાઇ છે.

ક્રૉસરેલની બનાવટ અને કામ કરવાની શૈલી બાળકો અને મુસાફરીના સામાન સાથે મુસાફરી કરતા લોકો તથા વિકલાંગ લોકોની જરૂરીઆતોને પૂરી પાડશે. આ સેવા જેમની માતૃભાષા અંગ્રેજી નથી એવા લોકોને પણ મદદ આપશે.

*ક્રૉસરેલનું વિતરણ ક્રૉસરેલ લીમીટેડ (સી. આર. એલ) અને એના ભાગીદારો વડે ડીપાર્ટમેન્ટ ફોર ટ્રાન્સપોર્ટ (ડી. એફ. ટી.) અને ટ્રાન્સપોર્ટ ફોર લંડન (ટી. એફ. એલ.) માટે કરવામાં આવી રહ્યું છે. સી. આર. એલ પોતે પણ ટી. એફ. એલ. ની સંપૂર્ણ માલિકી વાળી હસ્તક છે.*

## આગળ વધતાં!

ક્રૉસરેલ વાહનોની ભીડ અને વધુ પડતી ગિરદીને ઓછું કરી લંડનના સાર્વજનિક પરિવહનની કુલ ક્ષમતામાં 10% નો ઉમેરો કરશે.

# ક્રૉસરેલ ઉપર પરામર્શ

આખરી કાર્યક્રમની રચનામાં ઘણાં એવા લોકો અને સમૂહોના અભિપ્રાયોનો સમાવેશ કરવામાં આવ્યો છે જેઓ આ રેલવેથી પ્રભાવિત થશે.

અમે સ્થાનીય સમુદાયોની મદદથી અમારી યોજનાઓ ઘડવાનું ચાલુ રાખ્યું છે.

ક્રૉસરેલ અંગે માહિતી લાર્જ પ્રિન્ટ, બ્રેલ, ઈઝી રીડ, ઓડીયો કેસેટ અથવા સી.ડી. માં મેળવવા કૃપા કરીને ક્રૉસરેલને નીચે બતાવેલ ઠેકાણે સંપર્ક કરો.









Information about Crossrail is available in a range of languages, audio, Easy Read and Braille. Please tick the relevant box to show the format you require. Include your name and address and return to Crossrail at the address below.

Name: ______________________

Address: ______________________

______________________

______________ Postcode: ______________

☐ Audio ☐ Braille ☐ Easy Read

☐ Arabic

☐ Bengali

☐ Chinese

☐ Greek

☐ Gujarati

☐ Hindi

☐ Punjabi

☐ Somali

☐ Turkish

☐ Urdu

☐ Vietnamese

Please specify other language

June 2009

સંપર્ક કરો: Crossrail • FREEPOST NAT6945 • London • SW1H 0BR

Crossing the Capital
Connecting the UK

હેલ્પડેસ્ક 0345 602 3813
રોજે 24 કલાક, અઠવાડીએ 7 દિવસ

helpdesk@crossrail.co.uk
www.crossrail.co.uk